વિપુલ એમ દેસાઈ
http://suratiundhiyu.wordpress.com/

# ઉત્તરાયણ સ્પેશિયલ

## અમારા આ ઉત્તરાયણ સ્પેશિયલનો લાભ લો:

### અનુભવી નિષ્ણાતો:

જનતાને ડાન્સથી ખુશ કરાવનાર ડાન્સરો દ્વારા અમારા જાંબાઝ કારીગરો ગમે તેવા ભારે પતંગમાં કાણા પાડવા,ફાટેલા પતંગોને રૂપિયાની નોટો દ્વારા સાંધવાની ગુપ્ત તરકીબો,કોઈના પતંગને ભેરવીને તમારી તરફ કેમ ખેંચવો વગેરે અનુભવી નિષ્ણાતો દ્વારા શીખવવામાં આવે છે. જર્મનીથી આયાત કરેલાં લેટેસ્ટ મશીનથી પતંગમાં કાણાં પાડી આપવામાં આવશે. પાકી બેવડી દોરીથી ઘેરબેઠા કિન્ના બંધાવો. કમ્પ્યુટરાઈઝ્ડ પતંગ બેલેન્સિંગ પણ કરી આપવામાં આવશે. અમારી કિન્ના બાંધેલા પતંગ ઓછી હવામાં(મતદાનમાં) ચગે છે અને વધારે હવામાં (મતદાનમાં) ફસકી પડતાં નથી

### ફીરકી પકડનાર

દરેક જાતનાં લેડીઝ તેમજ જેન્ટ્સ ટ્રેઈન્ડ ફીરકી પકડનાર ભાડેથી સપ્લાય કરવામાં આવશે. પેચ દરમિયાન ફીરકી પકડનારને બીજા કોઈ ખેચી જાય તો અમારી ૪૨૦ ગુંડા એમ્બ્યુલન્સ તમારા એક જ ફોન ઉપર હાજર થઇ જશે. અમારો સ્ટાફ પતંગ ચગાવનારની પાછળ પાછળ આખા ધાબામાં ફરશે, બૂમો પાડવામાં સાથ આપશે. બીજાની કપાયેલી દોરી ધાબા ઉપર જ તોડીને લપેટીને લચ્છી બનાવી આપશે. આપની દરેક જાતના સોમરસની જરૂરિયાત અમે પૂરી પાડીશું.( નોંધ: તમારે ત્યાં દરોડો નહીં પડે તેની જવાબદારી અમારી છે અને એ બાબતની ગોઠવણ લાગતા વળગતા જોડે કરવામાં આવશે )

### લુગદી:

ખાસ રાજસ્થાનથી મંગાવેલા ભંવરીનાં તાજા લીલા પાન અને જાત જાતની દેશી વિદેશી દારુની બોટલોના કાચથી બનાવેલી અમારી લુગદી એકવાર વાપરી જુઓ. આ લુંગદીથી માંજો પાયેલી દોરી ભલભલાને ઘસી નાખશે અને એવી તો ધારદાર દોરી બને કે લૂગડામાં ભેરવાય તો ગમે તેવા ચમરબંધીનાં લૂગડાં ઉતારી નાખશે. રાજસ્થાન અને ઉત્તરપ્રદેશના ઉસ્તાદોની પહેલી પસંદ. તમે પણ એકવાર વાપરીને ખાતરી કરો.

### ચોરબજાર:

http://suratiundhiyu.wordpress.com/

અમારી  “ભાતભાતની જનતાને પાળતીપોષતી”(ભાજપા) સંસ્થામાં ઉત્તરપ્રદેશથી લાવેલા ઉસ્તાદના હાથ નીચે ગમે તેના ગોડાઉનમાં પતંગો,રીલો અને ફીરકીઓ તફડાવવાની/લુંટવાની કલા શીખો. અમારી સંસ્થામાં સારા-ખરાબ-ગુંડા-મવાલી-ચોર-ડાકુ-લુટારા એવા ભેદભાવ નથી. બધા એક સમાન છે. જ્યારે અમારી બીજી સંસ્થા જેનું નામ ગુકો છે. જેમાં લુલા-લંગડા અને અશક્ત લોકો કે જેમનામાં ઝંડો પકડવાની કે પતંગ લુંટવાની તાકાત નથી એવા લોકોનો સમાવેશ થાય છે. તેમના માટે ફૂટપાથ ઉપર પાથરણા પાથરીને અમારી ઉપરની સંસ્થા “ભાજપા” દ્વારા લુંટેલા/પકડેલા/તફડાવેલા/ચોરેલા પતંગો,ફીરકીઓ અને દોરીઓનું વેચાણ કરવામાં આવશે.
ખાસ નોંધ: અમારી ભાજપાને રાજકીય પાર્ટી ભાજપ જોડે અને ગુકોને ગુજરાત કોંગ્રેસ સાથે  કોઈએ કોઈ લેવા-દેવા નથી, માટે બંધ બેસતી પાઘડી પહેરવી નહીં. લોકો કહે છે બંને અલગ અલગ સંસ્થા છે પરતું અમારી બંને સંસ્થાઓ એક બીજાના લાભાર્થે એક બીજાના સહયોગથી જ કામ કરે છે. લોકોને ગમે તેવો માલ પધરાવવામાં અમારી પાસે અનુભવી અને કુશળ કારીગરો છે.

## ફીરકી:

અમે અમારી એક ફીરકીની ખરીદી ઉપર લુંટફાટ,મારામારી કે તડકામાં તમારા રક્ષણ માટે એક લાલ-કાળી-ધોળી-ત્રિરંગી-કેસરી વગેરે જાત જાતની ટોપીઓ ફીરકી દીઠ એક મફત આપીશું. વધારામાં અમારા નિષ્ણાતો તમને આ ટોપી પહેરતા કે બીજાને કેમ પહેરાવવી તે મફતમાં શીખવશે.
નોંધ: આ કોઈ રાજકીય પક્ષની જાહેરાત નથી, બધાએ પોત પોતાની ટોપી સંભાળવી!

## જોઈએ છે

સારી બે નંબરની આવક ધરાવતા, પરણિત અને છોકરા-છૈયાવાલા અમારા સંચાલકોને સુંદર,નમણીય,ભણેલી કે અભણ,મુજરાનું જ્ઞાન ધરાવતી કુંવારી/ત્યકતા/પરણિત કે વિધવા સ્ત્રીઓ ફીરકી પકડવા જોઈએ છે. ફીરકી પકડવાનું કામ તો ફક્ત સંસ્થામાં ખર્ચો નાખવા માટે જ છે, બીજા કામમાં,વાસના કામના સાદડી બનાવનારા અનુભવીઓ ઉપર ખાસ ધ્યાન આપવામાં આવશે. જ્ઞાતિબાધ નથી.

## યુપીએ ગૂંચ સર્વિસ

અમારી આ સંસ્થા પહેલા તમને ગૂંચો કેમ ઉભી કરવી અને તેને ચકડોળે ચઢાવી કેમ ઉકેલવી તેનું જ્ઞાન આપશે. કોઈપણ ગૂંચ સહેલાઈથી ઉભી કરવી અને તેના ગુચળા પર ગુચળા કરવા એ તો અમારા ડાબા હાથનો ખેલ છે. તમારી કોઈપણ જાતની ગૂંચો અહી યોગ્ય ભાવથી સ્વીકારીને ઉકેલવામાં આવશે. આ બધુ લપેટવા માટે અમારી પાસે જાત જાતના પિલ્લા છે. પતંગ ચગાવતાં શીખો માત્ર સાત દિવસમાં. થિયરી અને પ્રેક્ટિકલ બંને શીખો. ઓછી દોરીમાં પતંગ ચગાવતાં અને આગળના ધાબાવાળાની પત્નીને કેમ પટાવવી અને એના ધણીનો પતંગ તેના હાથમાંથી કેવી રીતે કાપવો તેની થિયરી સાત વખત સાતમાં મા નાપાસ થયેલા અને અમારા કૌભાડ સમ્રાટ તમને શીખવશે. પ્રેક્ટિકલ ટ્રેનિંગ માયાવતી....સોરી મારાવતી અમારા બોમ્બેના ફોકલેન્ડ રોડના ઉસ્તાદ આપશે.

http://suratundhiyu.wordpress.com/

## ટ્રેનિગ સેન્ટર:

તમારો પતંગ ગમે તેની અગાસીમાં ફસાઈ ગયો હોય, ટેલીફોનના થાભલામાં ભેરવાઈ ગયો હોય,ઝાડની ડાળીમાં લટકી પડ્યો હોય તો તેને સંપુર્ણ દોરી સાથે કાઢી આપવાની કળા શીખવા અમારા ખુંખાર અને જોશીલા કંઈ કેટલાય ફસાયલા પતંગોને કાઢવામાં એક્સપર્ટ નમોનારાયણ સીંગ પાસે ટ્રેનિંગ લો. જો અમારી ટ્રેનિગ પછી તમે બીજાના પતંગ દોરી સાથે લુટવા જાવ અને તમારી મૂર્ખાઈથી ફસાઈ જાંવ તો અમારી તમને છોડાવવાની જવાબદારી નથી. વધુ માહિતી માટે અમારી ખાનપુર બ્રાન્ચનો સંપર્ક સાધો.

## સ્પેશિયલ સર્વિસ:

જનતાને ખુશ કરવા કીન્નરીઓના જાહેર ડાન્સ યોજનાર અમારા જાંબાઝ સ્ટંટમેનો ગમે તેવા પતંગોમાં કીન્નરીઓ દ્વારા કેમ કાણા પાડવા, ફાટેલા પતંગો રૂપિયાની નોટોથી કેમ સાંધવા,આખા પતંગને કેવી રીતે ફાડવો અને વારંવાર ગુલાંટ ખાતા પતંગને પ્રજામાં સ્થિર પતંગ છે એમ કેવી રીતે ઠસાવવું વગેરે ખાનગી ક્લાસમાં શીખવશે

## જાહેર જનતા જોગ સંદેશો:

અમારી વિવિધ સંસ્થાઓના એકબીજાના સહયોગથી અને મેલાપીણાથી ચાલતા આ સુવ્યવસ્થીત ધંધાને અદેખાઈને લઈને એક બોમ્બેનો ભાઈ (જે પોતાની જાતને અન્ના તરીકે ઓળખાવે છે) ભડકાવે છે. અમેં તો અમારા ગ્રાહકોને (પ્રજા) વરસોથી ઓળખીયે છીએ એટલે અમે બધા ધંધાદારીઓ ભેગા થઈને એ અન્નાને ક્યાં ફેંકી દઈશું તેની ગંધ પણ નહીં આવે અને છેલ્લે બાકી રહી પ્રજા!

## પ્રજા????????

## જો એનામાં પાણી હોત તો આ નપાણીયાઓ આટલો વખત રાજ કરત?

**વિપુલ એમ દેસાઈ**

**http://suratiundhiyu.wordpress.com/**

http://suratiundhiyu.wordpress.com/